

# તુણિયો સરદાર

સવારનો સમય હતો. મિયાં ફુસકી ઝટ ઝટ ઠાકોરના ઘરે ગયા.

ભટજી ત્યાં બેઠા હતા. દલાશેઠ પણ દેખાયા.

રાજપરના ઠાકોરે તભા ભટને પણ બોલાવ્યા હતા.

ઠાકોરે કહ્યું : “ભટજી, કાલ સવારમાં વડોદરા જાઓ. મગન દરજીને ત્યાં કપડાં સીવવા આપ્યાં છે એ લેતા આવો અને પાવાગઢ જઈ આવો. ભદ્રકાળી માતાને થાળ ધરાવતા આવો. શિવલાલ બરફીવાળાને ત્યાંથી બે કિલો બરફી લઈ લેજો.”

ફુસકી મિયાં બોલી ઊઠ્યા : “બે કિલો શું, આપણે પાંચ કિલો લઈ લેશું. મોજથી પ્રસાદ ખાઈશું અને વહેંચીશું.”

ભટજી બોલ્યા : “તમને અહીં જ પ્રસાદ મળી જશે.”

મિયાં બોલ્યાઃ કાં?


ભટજી કહે : “તમારે સાથે નથી આવવાનું.”

મિયાં બોલ્યા : “કાં?”

ભટજી કહે : “તમે સીધા ચાલતા નથી. કંઈ ને કંઈ અડપલું કરો છો અને અમારાં કાળજાં ફફડાવી મૂકો છો.”

મિયાં હસી પડ્યા અને બોલ્યા : “લો, હવે પૂછો કે અમે કેમ હસ્યા?”

ભટજી ચિડાઈને બોલ્યા : “કહો, કેમ હસ્યા?”



મિયાંએ કહ્યું : "તમે છો બામણ. મફતના લાડુ જમી જમીને તમારું કાળજું એવું પોચું બની ગયું છે કે વાત વાતમાં ફફડી જાય છે. તેથી જ અમે તમારી સાથે રહીએ છીએ. અમે સાથે ના હોઈએ તો તમારું કાળજું ફફડીને ઠપ થઈ જાય તો શું થાય?"

ભટજી કહે : "શું થાય?"

મિયાંએ ઠાકોર સામે જોઈને કહ્યું : "જોયું ને! આ ભોળા ભટજીને એની પણ ખબર નથી કે કાળજું ફફડે એ સમયે કોઈ શૂરવીર માણસ સાથે હોય તો એ ફફડાટ હટાવી દે અને તે મરતો બચી જાય. માટે અમે સાથે આવીએ છીએ."

ઠાકોર બોલ્યા : "એ વાતનો વાદવિવાદ કરવો નથી. તૈયાર થઈને ઊપડી જાઓ.

મિયાં બોલ્યા : "એ વાત સાચી. નકામાં કાળજાં ફફડાવવાં નહીં. આપણે આપણું કામ કરવું. જ્યાં ભટજી ત્યાં અમે."

બીજા દિવસે ફુસકી મિયાં અને તભા ભટ ઊપડ્યા. વડોદરા પહોંચી ગયા. મગન દરજીને કહી દીધું કે ઠાકોરનાં કપડાં તૈયાર રાખજો. શિવલાલ બરફીવાળાને ત્યાંથી બરફીનું ખોખું બંધાવી લીધું. બસમાં બેઠા અને પાવાગઢ પહોંચ્યા. પાવાગઢની ટોચ પર માતાજીના મંદિરે જઈને બરફીનો થાળ ધરાવ્યો. નાળિયેર વધેરીને કોપરાની પ્રસાદી સાથે બરફી ખાવાની મઝા પડી. મંદિરના કોટ પર બેસી ચારેબાજુનો દેખાવ જોવાની ભારે મઝા પડે છે.

ફુસકી મિયાં બોલ્યા : "ભટજી! લીલાં લીલાં ખેતર કેવાં લાગે છે? ઝાડની લીલી ઘટામાં પેલું વાદળી પાણી કેવું સરસ દેખાય છે?

પાસે જ એક ભીલ ઊભેલો. તે બોલી ઊઠ્યો : "એ હરણિયું તળાવ છે. એની ચારે બાજુ ગીચ ઝાડી છે."

મિયાં બોલ્યા : "હરણિયું તળાવ એટલે?



ભીલ કહે : "ત્યાં હરણનાં ટોળાં રહે છે. ત્યાં રહેનારા ભીલ હરણને મારતા નથી કે મારવા દેતા નથી. તેથી ત્યાં દિવસે પણ હરણ ફરતાં રહે છે. એ તળાવનું પાણી પીને કિનારે ઝાડની છાયામાં બેસે છે."


ફુસકી મિયાં બોલ્યા : "ભટજી! વાત સાંભળી તમે? હરણ જોયાં છે?"

ભટજી કહે : "પ્રાણીબાગમાં કેટલીયે વાર જોયાં છે."

મિયાં કહે : "છો ને મૂરખા?"

ભટજી કહે : "કાં?"

મિયાં કહે : "એમ તો અમેય હજારો વાર હરણાં જોયાં છે. હરણ તળાવના કિનારે પાણી પીતાં અને વનમાં હરતાં-ફરતાં હરણ જોયાં છે? કહો ને કે નથી જોયાં. બોલો બોલો!"



ભટજી કહે : “હા, નથી જોયાં. પછી ?”

મિયાં કહે : “તો હવે આટલે સુધી આવ્યા છીએ તો તળાવમાં પાણી પીને કિનારે હરતાં-ફરતાં હરણ જોતા જઈએ.”

ભટજી ચિડાઈને બોલ્યા : “અહીં આપણે હરણ જોવા નથી આવ્યા. કપડાં લેવા માટે આવ્યા છીએ.”

ફુસકી મિયાં કહે : “એકમાં બે કામ કરે એ માણસ ચતુર કહેવાય.”

તભા ભટ કહે : “પહેલાં પાવાગઢ નીચે ઊતરીએ. પછી વિચાર કરીશું.”

પાવાગઢ ઊતરીને નીચે ગયા.

હરણિયા તળાવ જોવા ચાલતા થયા.

મારગમાં ખેતરો, વાડીઓ અને ખજૂરીનાં ઝાડની ઘટા આવતી હતી. વચમાં કોઈ ગામડું કે રહેઠાણ આવ્યાં જ નહીં. કોઈ કોઈ ભીલ ખેડૂત સામે મળતા હતા.

તળાવની ચારેબાજુ ગીચ ઝાડી હતી. એમાં થઈને તળાવના કિનારે જઈ શકાતું. ઝાડની ઘટામાં થઈને કિનારા નજીક ગયા કે તળાવનું પાણી દેખાણું. ભટજી ઊભા રહી ગયા અને બોલી ઊઠ્યા : “અરે! પેલું શું?”

મિયાં સાથે ભટજી ઊભા રહી ગયા.

ફુસકી મિયાં બોલ્યા : “એ જ હરણ છે.”

ભટજી કહે : “આપણને જોઈને ભાગતું નથી કેમ ?”

ફુસકી મિયાં જરા હસીને બોલ્યા : “ભટજી! તમે પોથી વાંચી વાંચીને ઘરડા થવા આવ્યા, પણ અક્કલની એક નાનકડી વાત તમે સમજતા નથી. આ હરણ બીએ એવું નથી.”



ભટજી બોલ્યા : “હરણ અને સસલાં ભારે બીકણ હોય છે. હવાથી ઝાડનાં પાંદડાં ખખડે તો પણ ફડકીને ભાગવા માંડે.”

ફુસકી મિયાં કહે : “એ જ સમજવાની વાત છે ને! આ હરણ એવું બીકણ નથી કે એમ બીને એ ભાગે. એ માણસથી ડરતું નથી.”

ભટજી બોલી ઊઠ્યા : “જુઓ, જુઓ! હરણે હવે આપણને જોયા. ભાગવા માટે ઊંચું-નીચું થાય છે.”

ફુસકી મિયાં બોલ્યા : “હા... અને જુઓ ભટજી! એ ભાગવા જાય છે પણ ભાગી શકતું નથી. એનો એક પગ કશાકમાં ભેરવાઈ ગયો હોય એમ લાગે છે. જુઓ જુઓ, પગ કેવો ખેંચે છે?”

ભટજી કહે : “હા હોં, બિચારાનો પગ કશાકમાં ફસાઈ ગયો હોય એમ લાગે છે.”

ફુસકી મિયાં એકદમ દોડ્યા.

તેથી હરણ વધારે ફફડી ગયું. આમતેમ ભાગવા ઘણી ખેંચાખેંચી કરવા માંડ્યું, પણ એનો પગ એવો બંધાઈ ગયેલો કે છૂટો થતો જ નહોતો.

એનો પગ છોડાવવા ફુસકી મિયાં દોડી ગયા.

હરણ પાસે જઈને નીચે બેસી પડ્યા. પોતે હાથ લાંબો કરીને મહેનત કરવા લાગ્યા. ત્યાં ઘાસ વધારે હતું તેથી દેખાતું નહોતું કે પગ શામાં ફસાઈ ગયો છે. હરણ તો ખેંચાખેંચીમાં બેબાકળું બની ગયું હતું. ફુસકી મિયાંએ ઘાસમાં હાથ ઘાલ્યો. હરણના પગે હાથ અડક્યો. નવાઈ લાગી કે એક દોરડા જેવું હાથમાં આવ્યું. હા, હાથ ફેરવીને જોયું તો એમાં હરણનો પગ ફસાઈ ગયો હતો. મિયાંએ તરત જ દોરડું કાપવા ભેઠમાંથી છરી કાઢી. ત્યાં સામે કિનારેથી કોઈએ બૂમ પાડી.

ભટજી બોલી ઊઠ્યા કે પાછા આવો મિયાં, કોક બૂમ પાડે છે.

શું બૂમ પાડે છે એ સમજાયું નહીં. બૂમ સાંભળી એટલે ભટજી ગભરાયા.





મિયાંનું ધ્યાન દોરડું કાપવામાં હતું. મિયાંએ તો એમ જ ધારી લીધું કે દોરડા જેવી કોઈ વસ્તુમાં હરણનો પગ ફસી ગયો છે તેથી એ કાપી નાખીએ એટલે હરણ છૂટશે. આમ ધારીને ફુસકી મિયાંએ દોરડા જેવી એ દોરી છરીથી કાપી નાખી.

પગ છૂટો થયો કે હરણ ભાગ્યું. એવું ભાગ્યું કે ફુસકી મિયાં એક નજરે રસથી જોઈ રહ્યા. ઊંચી ફાળો ભરતું હરણ તીરની પેઠે જાય છે.

ત્યાં પાછળથી કોઈએ ફુસકી મિયાંના માથા પર થપાટ મારી દીધી. ટોપી નીચે પડી ગઈ. ખડે પગે ફુસકી મિયાં પાછળ ફરી ગયા. જોયું તો ભીમના ભાઈ જેવો અને અલમસ્ત પાડાના દાદા જેવો એક ભીલ આંખો અને મોઢું ફાડીને ઊભેલો દેખાયો. ફુસકી મિયાં થીજી ગયા.

ઊભો થા. ભીલ બોલ્યો. ફુસકી મિયાં કશું બોલ્યા નહીં. નીચે પડેલી ટોપી ઉઠાવી લીધી અને માથા પર મૂકતા ઊભા થયા.

પેલો ભીલ કહે : “ઓળખે છે મને?”

ફુસકી મિયાંએ હાથ જોડીને પ્રણામ કર્યા. મોઢું હસતું રાખીને બોલ્યાઃ જોયા નથી, પણ ક્યાંક જોયા હોય એમ લાગે છે ખરું.

‘ક્યાં?’ ભીલ બોલ્યો.

જરા વિચાર કરીને મિયાં બોલ્યા : “અરે હા, અમારા તભા ભટજીની રામાયણમાં એક ચિત્ર જોયું હતું. એમાં લંકાના દરવાજે તમારા જેવો જ એક રાક્ષસ જોયો હતો. અસલ તમે જ હો એવું... એ ચિત્ર...”

ધડ દઈને ભીલે ફુસકી મિયાંના મોઢા પર તમાચો મારી દીધો.

હસ્સી સી ઈ ઈ સી સી એવો સિસકારો બોલાવતા મિયાં ગાલ ચચરવા માંડ્યા અને બોલ્યા : “આવા તમાચા ના મારીએ. અમને



એવી બદમાશી નથી ગમતી. હા, અમે સિપાઈબચ્ચા."

ભીલે પોતાનો બીજો હાથ હલાવ્યો અને બોલ્યો : "તો ફરસો મારું?"

ફુસકી મિયાં જરા થથરી ગયા. ભીલના બીજા હાથમાં ફરસા જેવો કુહાડો હતો. ખભે મૂકીને બીજા હાથથી પકડ્યો હતો.

ભીલ બોલ્યો : "ફરી બોલ. કોણ છું હું, જાણે છે?"

ફુસકી મિયાંએ મૂંડો હલાવ્યો અને બોલ્યા : "આપનું શુભ નામ શું?"

અમારું નામ 'તુણિયો સરદાર'.

મિયાં બોલી ઊઠ્યા : "સરસ, ઘણું સરસ નામ છે અને આપશ્રીના પિતાજીનું શુભ નામ?"

તુણિયો ભીલ બોલ્યો : "બૂટિયો સરદાર."

મિયાં બોલ્યા : "અને તેના બાપનું નામ?"

તુણિયો કહે : "કૂટિયો સરદાર."

મિયાંએ વળી પૂછ્યું : "અને તેના બાપનું નામ?"


"હરિયો સરદાર."

અને તેના બાપનું નામ?

"તેના બાપનું નામ 'ઉરિયો સરદાર'."

આમ છઠ્ઠા અને સાતમા બાપનું નામ પૂછ્યું કે તુણિયો સરદાર ધૂંઆપૂંઆ થઈ ગયો. તેની આંખોના ડોળા લાલ અંગારા બની ગયા.

ખભેથી હડફ દઈને કુહાડો ઉઠાવ્યો અને બે હાથે પકડ્યો. માથા ઉપર કુહાડો ઊંચો કરી દીધો. દાંત કચકચાવીને એક ઘા મારવા તૈયાર થયો. હોઠ પીસીને




ફુસકી મિયાંએ આંખો મીંચી દીધી. ફુસકી મિયાંના માથા પર એવો ઘા મારી દીધો કે પોતે વાંકો વળી ગયો. એટલો બધો નીચો વળી ગયો કે ફસાક કરતો કુહાડો મિયાંની ડોક પર પડ્યો, પણ એ સાથે જ ભીલ સરદાર પોતે નીચે પડતો રહી ગયો. એકદમ માથું ઊંચું કરીને જોયું તો કુહાડો પૂરેપૂરો ભોંયમાં ઊતરી ગયો છે. વાત એમ બની કે તુણિયા સરદારે કુહાડો મારી દીધો કે તરત ફુસકી મિયાં જરા પાછા હઠી ગયા. માથું બચી ગયું અને કુહાડો ભોંય પર પછડાયો. તરત ફુસકી મિયાં ઊભા થઈને નાઠા.

તુણિયો સરદાર એકદમ ઊભો થવા ગયો, પણ પૂરા બળથી કુહાડો મારેલો તેથી કુહાડાનું પાનું આખું ભોંયમાં ઊતરી ગયું હતું. એ ખેંચી કાઢવા માટે બે-ચાર આંચકા મારવા પડ્યા. કુહાડો ખેંચી લીધો અને સામે જોયું તો ફુસકી મિયાં મુઠ્ઠીઓ વાળીને ભાગતા દેખાયા. દોડવા જેવી કેડી કે જગા ત્યાં હતી જ નહીં. જેથી જ્યાં ભાગવાની જગા જોઈ ત્યાં તળાવના કિનારે કિનારે મિયાં દોડતા ભાગ્યા.

તુણિયા સરદારે મિયાંને જોયા કે કુહાડો લઈને પાછળ દોડ્યો.

તભા ભટ ઝાડના થડ આડા લપાઈને જોઈ રહ્યા છે. ફુસકી મિયાંની પાછળ તુણિયા સરદારને દોડતો જોઈને તભા ભટની છાતી થડકવા માંડી.



મનોમન તભા ભટ બોલ્યા : "આ ફુસકી મિયાંને હજાર વાર ના કહી છે કે ક્યાંય અડપલું કરવું નહીં, પણ કર્યા વિના રહેતા નથી. ના કહી હતી કે હરણનો પગ ફસી ગયો છે તે આપોઆપ છૂટી જશે. તોય માન્યું નહીં. કહે કે બિચારાં મૂંગાં જાનવરો પર દયા કરવી જોઈએ. દયા કરવા ગયા અને હવે મરવાનો વારો આવ્યો. હવે શું કરવું?

ત્યાં તો ફુસકી મિયાં તળાવની પેલી બાજુ પહોંચી ગયા. ત્યાં બે ઘોડા ઊભા હતા. દોરડાથી બાંધેલા હતા.

ફુસકી મિયાંએ એક ઘોડાનું દોરડું છોડી લીધું. એની પીઠ પર ચડી ગયા. એવા જોશમાં આવી ગયેલા કે શું થશે અને શું નહીં એનો વિચાર કરવા પણ રોકાયા નહીં. સંકટના સમયમાં જે મળે એ ઉપાય કરવો જોઈએ. દુ:ખના સમયમાં જે મળે એ કામ કરવું જોઈએ અને જે મળે એનો ઉપયોગ કરવો જોઈએ. આમ વિચારીને મિયાં ઘોડાની પીઠ પર ચડી બેઠા. એકાએક પોતાની પીઠ પર કોઈ સવાર ચડી બેઠો એટલે ઘોડો ભડક્યો. ઉપરથી ફુસકી મિયાંએ દોરડાનો ચાબખો મારી દીધો. એટલે તો ઘોડાએ ન જોયો મારગ કે ન જોયું વન. જેમ ફાવે એમ દોડી પડ્યો.

તુણિયા સરદારનો દીકરો પણ તેની સાથે હતો. એક વાઘ આ બાજુ આવી ચડ્યો હતો. એનો શિકાર કરવા દાવ ગોઠવીને બાપ-દીકરો કિનારે બેઠા હતા. પોતાના ઘોડા એક બાજુ ઊભા રાખેલા હતા. તુણિયા સરદારનો છોકરો બીજી બાજુ ચાલ્યો ગયો હતો. તેથી ઘોડા પાસે કોઈ નહોતું. પોતાના ઘોડા પર ચડીને ફુસકી મિયાં ભાગ્યા એટલે તુણિયો સરદાર આગના અંગારા જેવો ગરમ



થઈ ગયો. એક પળની પણ રાહ જોયા વિના તે પોતાના બીજા ઘોડા પર ચડી બેઠો અને ઘોડો દોડાવી મૂક્યો. જે બાજુ ફુસકી મિયાં ઘોડો દોડાવી ગયા હતા એ જ બાજુ સરદારે ઘોડો ભગાડ્યો. ફુસકી મિયાંના ઘોડાને પગલે સરદારનો ઘોડો ઊપડ્યો.

ફુસકી મિયાં તો ઘોડાની પીઠ પર એવા ચોંટી પડ્યા છે કે જાણે ઊખડ્યા ઊખડવાના નથી. ઘોડાની ડોકને બાથમાં લઈ લીધી છે. ઘોડોય એવો ભાગ્યો જાય છે કે એ ક્યાંય અટકવાનો જ ન હોય. આડાઅવળા જવાની વાત જ નહોતી. જે બાજુ સીધો મારગ મળ્યો એ બાજુ દોડવા માંડ્યો.

તુણિયા સરદારનો ઘોડો પણ જબરો હતો. જાણે કે એ સમજી ગયો હોય એમ આગળ જતા ઘોડાનાં પગલાં સૂંઘતો ઊપડ્યો છે. જતાં જતાં વનની ઘટા ઓછી થઈ ગઈ. હવે ખેતર અને ડુંગરાળ એવો સપાટ ભાગ આવતો હતો. ગીચ ઝાડીમાંથી નીકળીને સપાટ મેદાન પર આવી ગયા છતાં મિયાં ઘોડાની પીઠ પર ચોંટી રહ્યા. આજુબાજુ જોતા પણ નથી કે ઘોડો ક્યાં જઈ રહ્યો છે. હવે તુણિયા સરદારનો ઘોડો વનની ઘટામાંથી બહાર નીકળ્યો.



તુણિયો સરદાર જોઈ ગયો કે આગળ જ ફુસકી મિયાંનો ઘોડો જાય છે. તે મનમાં બોલ્યો : “હા, હવે એ બેટમજીને છોડું નહીં અને હાથમાં આવે તો એક જ ઘા એવો મારું કે બેટમજીનું માથું કપાઈને નીચે પડે.”

એવામાં ફુસકી મિયાંનો ઘોડો ખચકાયો. જાણે કે કોઈ આડું આવી ગયું અને ઘોડો ઊથલી

પડ્યો. આગળ ઊંડો ખાડો આવ્યો. એમાં ઘાસ ઊગ્યું હતું. ઘાસ એવું છવાયું હતું કે બહારથી લાગે જ નહીં કે ત્યાં ખાડો હશે. ઘોડો તો પૂરપાટ દોડતો હતો. ખાડામાં એનો આગલો પગ પડ્યો કે ઊથલી પડ્યો. ફુસકી મિયાં પણ ઊછળીને દૂર જઈ પડ્યા. ઘોડાનો પગ ભાંગ્યો. એણે ફરી ઊભા થવાનો પ્રયત્ન કર્યો, પણ એક પગ ભાંગ્યો હોવાથી એ ઊભો થઈ શક્યો નહીં.

ફુસકી મિયાં આબાદ બચી ગયા. ખાડામાં ઘાસ ઘણું હતું. ઘાસ પર પડ્યા એટલે હાથ ભાંગ્યા નહીં, પણ સાજાતાજા રહી ગયા.

ફુસકી મિયાં ઊંહકારો કરતા ઊભા થયા, કારણ કે પીઠ પર વાગેલું. પાછલી બાજુ જોયું તો તડામાર દોડતો આવતો ઘોડો જોયો. ઘોડા પર તુણિયો સરદાર આવતો દેખાયો. હવે વાર થાય તો તુણિયો આવી પહોંચે અને પોતાને પકડે જ. તો પછી ગુંડો ભીલ પોતાને જીવતો છોડે નહીં.

તો હવે શું કરવું?

મિયાં ગભરાયા. આવા સમયે વિચાર કરવા રોકાવાય નહીં. જે ઉપાય મળે એ કરવો. અહીં હવે બીજો ઉપાય જ નથી. પકડાવું ન હોય તો ભાગવું જોઈએ. આમ વિચારીને ફુસકી મિયાં ઝડપથી ઊભા થયા. ખાડામાંથી બહાર નીકળ્યા. મુઠ્ઠીઓ વાળી અને માંડ્યા દોડવા.

તુણિયા ભીલે જોયું. તે સમજી ગયો કે ઘોડો ખાડામાં પડ્યો છે અને ઊભો થઈ શકતો નથી. મુઠ્ઠીઓ વાળીને મિયાં ભાગવા માંડ્યા છે.

જશે ક્યાં?



હમણાં પકડી પાડું અને ડોકું કાપી નાખું.

આમ વિચારીને સરદારે ફુસકી મિયાં પાછળ ઘોડો દોડાવી દીધો.

ફુસકી મિયાંએ પાછળ જોયું.

નક્કી મૂઆ.

દોડતો ઘોડો થોડી વારમાં જ પહોંચી જશે. ગમે એમ કરીને આગળના ડુંગરામાં પહોંચી જવાય તો બચાવનો દાવ મળે.

ભાગતા જાય છે અને બચવા માટે શું કરવું એ વિચારતા જાય છે, પણ સરદારનો ઘોડો વધારે નજીક આવતો જાય છે.


ગુંડો ભીલ સરદાર ઘોડાને ખરો દોડાવે છે. દાંત કટકટાવે છે. હોઠ પીસે છે ને મનમાં બોલે છે કે હમણાં પકડી પાડું, માથું કાપી નાખું.

ફુસકી મિયાં એવા ફફડી ગયા કે હમણાં પકડાઈ જઈશું. તુણિયો સરદાર કાળા નાગની પેઠે ફૂંફાડા મારતો ઘોડો દોડાવતો આવે છે અને ધારે છે કે હમણાં મિયાંને પકડ્યો કે પકડાશે.

એમ ને એમ એક કલાક જેવો સમય વીતી ગયો.

ભીલ સરદાર ગુસ્સામાં બળી ઊઠ્યો. આ પાજી મિયાં પકડાતો કેમ નથી?

પણ પકડાય ક્યાંથી?



ફુસકી મિયાંને મઝાનો દાવ મળી ગયો હતો. ત્યાં પાવાગઢની તળેટી હતી. મોટા મોટા પથ્થર ચારેબાજુ પડ્યા હતા. વચ્ચે વચ્ચે નાના પથ્થર પણ હતા. આ પથ્થરો વચ્ચે ફુસકી મિયાં દોડવા માંડ્યા. એ પણ એક પાકો દાવ ગોઠવીને.

ઘડીમાં ડાબી બાજુ દોડે અને ઘડીમાં જમણી બાજુ વળી જાય. મોટા મોટા પથ્થરોમાં થઈને ઘોડો દોડી શકે નહીં. ફુસકી મિયાં ઘડીકમાં એક પથ્થર આડા પહોંચે છે તો ત્યાં તુણિયો ભીલ ઘોડો લઈ જાય કે તરત જ ફુસકી મિયાં બીજી બાજુ દોડી જાય છે.

ભીલ ગુંડાને હવે ખરેખરી રીસ ચડી. તે સમજી ગયો કે અહીં મોટા મોટા પથ્થર ઘણા છે. એની વચ્ચે મિયાં દોડતા રહે તો તો પકડી શકાય જ નહીં, કારણ કે ઘોડો દોડી શકતો નહોતો. સામે નાનામોટા પથ્થર આવે કે અટકી જાય.


ફુસકી મિયાંને મઝા પડી. જાણે કે પોતે અને ગુંડો ભીલ પકડદાવની રમત રમતા હોય એવો ખેલ બની ગયો.

હવે નવી રમત માંડી.

એક ઊંચા પથ્થર આડા લપાઈને ફુસકી મિયાં બોલે છે : "ઓ તુણિયાભાઈ સરદાર... અમે અહીં લપાયા છીએ. અમને પકડો તો ખરા."

દાંત કટકટાવતો તુણિયો પોતાના ઘોડાને ત્યાં લઈ જાય છે. દોડીને ફુસકી મિયાં બીજા પથ્થર આગળ લપાઈ જાય છે અને ત્યાંથી ડોકિયું કરીને બોલે છે : "ઓ ભીલદાદા! ઘોડો અહીં લાવો, અમે અહીં છીએ." આવો બોલ સાંભળતાં જ સરદાર મરચાં જેવો બળી ઊઠે છે.

ફુસકી મિયાં હવે આગળ ભાગતા નથી. ત્યાં જ ફેરા ફરે છે. અહીં પથ્થરો વચ્ચે બચવાનો સારો દાવ છે. આગળ ભાગે અને થોડો સપાટ ભાગ આવી જાય તો ગુંડો પકડી પાડે. એ સો ટકા સાચી વાત હતી.



આમ ને આમ એક કલાક થવા આવ્યો.

ભીલ સરદાર તુણિયો ચિડાયો. ખરેખરી રીસ ચડી. સળેખડા જેવો એક મિયાં પોતાને બે કલાકથી દોડાવી રહ્યો છે! અને આમ ને આમ સૂરજ આથમે તોય મિયાં પકડાય નહીં. તો હવે બીજો દાવ કરવો જોઈએ. તરત જ સરદારે ઘોડો ઊભો રાખી દીધો. પોતે નીચે ઊતરી ગયા. પાછળ દોડીને મિયાંને પકડી પાડવા એવો વિચાર ગોઠવી લીધો.

તુણિયા ભીલને ઘોડા પરથી ઊતરતો જોયો કે ફુસકી મિયાં ગભરાયા. હવે પોતાને આ ભીલ સરદાર નક્કી પકડી પાડશે. પોતે ગમે એટલા આડાઅવળા ભાગે તોય જાય ક્યાં? ગુંડા જેવો આ ભીલ સરદાર આપણા કરતાં દસ ગણો બળવાન હશે. તે આપણને પહોંચી જવાનો એ નક્કી.


તો હવે?

ફુસકી મિયાં ભારે વિચારમાં પડી ગયા. મોટી ચિંતા તો એ છે કે હવે પકડાય તો આ ભીલભાઈ એક પળનીયે વાર લગાડે નહીં અને નક્કી મારી નાખે.

આ વાત ખોટી પણ નહોતી. તુણિયા સરદારે પોતાની કેડે બાંધેલો મોટો છરો હાથમાં લીધો અને ફુસકી મિયાંને પકડવા દોડ્યો. એ સાથે જ બૂમ પાડી : "ઓ શૂરવીરના દીકરા! હવે ભાગજે. જ્યાં જવું હોય ત્યાં જજે. ફાવે ત્યાં સંતાજે. ઘડીના છઠ્ઠા ભાગમાં ના પકડી પાડું તો કહેજે અને પછી તો તને જીવતો આગમાં શેકી નાખું તો જ હું તુણિયા સરદાર સાચો."

જે પથ્થર આડે ફુસકી મિયાં લપાયા હતા ત્યાં ભીલરાજ પહોંચ્યા તો ફુસકી મિયાં દોડીને બીજા પથ્થર પાછળ જતા રહ્યા. ત્યાંથી બૂમ પાડી : "એ... અમે અહીં છીએ, ભીલરાજજી!"

"રહે બેટમજી... અમે તને છોડવાના નથી." આમ કહીને



ભીલરાજે દોટ મૂકી. એવા દોડ્યા કે પળવારમાં પથ્થર પાસે પહોંચી ગયા. ત્યાંથી ફુસકી મિયાં બીજા પથ્થર આડા જતા રહ્યા હતા. ત્યાંથી બૂમ પાડી : એ... હવે અમે અહીં છીએ... પધારો."

આ બૂમ સાંભળી કે ભીલ ગુંડાએ દોટ લીધી, પણ ચાલાકી કરી. સીધી બાજુથી જવાને બદલે પથ્થરની બીજી બાજુ થઈને ગયો. બૂમ પાડીને ફુસકી મિયાં આગળ ભાગવા જતા હતા કે તુણિયો ભીલ સામે આવી ગયો. તે પથ્થર આડો જ હતો. પથ્થરની બાજુથી ફુસકી મિયાં પણ એ બાજુ નીકળ્યા અને અથડાવાની તૈયારી જ હતી કે મિયાં ચેતી ગયા. ઝડપથી પાછા વળીને પડતા પડતા ભાગ્યા.

"ક્યાં જઈશ હવે?" એવી બૂમ પાડીને સરદાર પાછળ પડ્યા.

મિયાં પાછા ભાગ્યા. ઝડપથી બીજા પથ્થર આડા ગયા અને બચી ગયા. સરદાર પાછળ ને પાછળ રહ્યા. વાર લગાડે તો મિયાં છટકી જાય. જે પથ્થર પાછળ ફુસકી મિયાં દોડી ગયા હતા એ પથ્થર પાછળ જઈને ભીલ સરદારે જોયું તો ત્યાં ફુસકી મિયાં નથી. બાજુના પથ્થર આડા લપાયા હશે એમ માનીને ત્યાં જોયું. ત્યાં પણ નથી. ત્રીજા પથ્થર પાછળ જોયું. ત્યાં પણ મિયાં મળ્યા નહીં કે ભાગતા દેખાયા નહીં. તુણિયાભાઈ ચેતી ગયા કે હું અહીં પથ્થરો વચ્ચે શોધતો રહું અને મિયાં ડુંગરામાંથી બહાર નીકળી જાય તો! કદાચ મિયાંએ એમ કર્યું હોય તો એમાં વાર લગાડવી ન જોઈએ. મિયાં છટકી જાય.

